ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# માર્ગ અકસ્માતમાં બ્રહ્મસમાજના યુવા અગ્રણી વિકાસ પંડ્યાનું મૃત્યુ

**તારાપુર પાસે નીલગાય આડી આવતા કાર ધડાકાભેર ઝાડ સાથે અથડાઈ : આ અકસ્માતમાં બ્રહ્મસમાજના મહિલા અગ્રણી વર્ષાબેન દવે સહિત અન્ય એકને ગંભીર ઈજાઓ**

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર અડાલજ માર્ગ પર તારાપુર ગામ પાસે સવારે ૬.૩૦ વાગ્યાના સુમારે અડાલજ-ગાંધીનગર માર્ગ પર તારાપુર પાસે તેમની કાર આગળ માર્ગમાં





વહેલી સવારે માર્ગની વચ્ચે નીલગાય આવી જતા કાર ધડાકાભેર ઝાડ સાથે અથડાતા ગોઝારો અકસ્માત સર્જાયો હતો જેમાં ગાંધીનગરના બ્રહ્મસમાજના આશાસ્પદ યુવાન વિકાસભાઈ પંડ્યાનું સારવાર દરમિયાન કરૂણ મોત નિપજ્યું હતું. જ્યારે અન્ય એક બ્રહ્મસમાજની અગ્રણી મહિલા સહિતને ગંભીર ઈજાઓ થતા સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ ગંભીર અકસ્માતને પગલે ગાંધીનગર બ્રહ્મસમાજમાં ઘેરા શોકની લાગણી વ્યાપી જવા પામી છે. સદ્ગતની સ્મશાનયાત્રામાં મોટી સંખ્યામાં નગરજનો જોડાયા હતા.

આ અકસ્માતની ઘટના એવી છે કે ગાંધીનગર શહેરના સેક્ટર-૪ પ્લોટ નં. ૧૦૩૬/૧માં રહેતા અને ગાંધીનગર બ્રહ્મસમાજના અગ્રણી વિકાસભાઈ સુબોધચંદ પંડ્યા ઉં.વ. ૪૬ પોતાના પરિવાર સાથે રહે છે. અને ગાંધીધામ સ્થિત દિલ્હી પબ્લીક સ્કૂલમાં સંચાલક તરીકે સેવાઓ આપતા હતા. દરમિયાન તેઓ પોતાની વેરીટો કાર નં. જીજે-૧૮-બી.બી.-૬૮૬૧ લઈ ગાંધીધામથી પરત ગાંધીનગર આવી રહ્યા હતા. વહેલી અચાનક જ નીલગાય કુદી હતી જેને બચાવા જતા તેઓ કારના સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતા કાર ધડાકાભેર ઝાડ સાથે અથડાઈ હતી. આ અકસ્માતમાં જોરદાર ટક્કર થતા કારની આગળના ભાગનો કુરચો થઈ ગયો હતો અને ઝાડના પણ બે ટુકડા થઈ ગયા હતા.

વહેલી સવારે બનેલી આ ગોઝારી ઘટનામાં કારચાલક વિકાસભાઈ પંડ્યા, તેમની માસી દિકરી અને ગાંધીનગર બ્રહ્મસમાજની મહિલા અગ્રણી વર્ષાબેન દવે સહિત ત્રણને ગંભીર ઈજાઓ થવા પામી હતી. જ્યારે વિકાસભાઈ પંડ્યાનું સારવાર દરમિયાન કરૂણ મોત નિપજ્યું હતું. જ્યારે અન્ય બે ઈજાગ્રસ્તોને અપોલો હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. જ્યા તેમની સારવાર ચાલુ છે. કરૂણ ઘટનાને પગલે પંડ્યા પરિવાર સહિત ગાંધીનગર બ્રહ્મસમાજમાં ઘેરા શોકની લાગણી વ્યાપી જવા પામી છે. સદ્ગતની આજે બપોરે ૧૨.૩૦ કલાકે સ્મશાનયાત્રા નિકળી હતી. જેમાં ગાંધીનગર બ્રહ્મસમાજ સહિત અનેક ક્ષેત્રના અગ્રણીઓ જોડાયા હતા અને શ્રદ્ધાંજલિ અર્પી હતી.

# ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહનું ૨૩મીએ પરિણામ

**જિલ્લાના ૫૪૦૦ જેટલા વિદ્યાર્થીઓના ભાવિનો ફેંસલો : ગત સપ્તાહમાં લેવાયેલી ગુજકેટની પરીક્ષાનું પરિણામ પણ જાહેર થશે**

ગાંધીનગર, તા. ૧૨

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગત માર્ચ મહીનામાં લેવાયેલી ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાનું પરિણામ આગામી તા. ૨૩ મેના રોજ જાહેર થશે. આ ઉપરાંત ગત સપ્તાહમાં લેવાયેલી ગુજકેટની પરીક્ષાનું પરિણામ પણ આ સાથે જાહેર થશે.

શિક્ષણ બોર્ડ દ્વારા ગત માર્ચ મહીનામાં ધો. ૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષા યોજવામાં આવી હતી. સમગ્ર રાજ્યમાંથી લાખો વિદ્યાર્થીઓએ આ મહત્વની કસોટી આપી હતી જ્યારે પરીક્ષાના દોઢ મહીના બાદ હાલ વિદ્યાર્થીઓ અને વાલીઓમાં પરિણામલક્ષી ઉત્તેજના તીવ્ર બની છે. ધો. ૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષા બાદ ધો. ૧૧ની સેમેસ્ટર-૨ની પરીક્ષાના અંતે મે મહીનાના પ્રારંભિક તબક્કામાં ગુજકેટની પરીક્ષા લેવાઈ હતી. ગાંધીનગર જિલ્લામાંથી પણ અંદાજિત ૫૪૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા આપી હતી. આ ઉપરાંત જિલ્લાના ૨૧૬૦ જેટલા વિદ્યાર્થીઓએ ગુજકેટની પરીક્ષા આપી છે. પરીક્ષા દરમિયાન જિલ્લામાં એક પણ ગેરરીતીનો કીસ્સો ન નોંધાયો હોવાનું ધ્યાને આવ્યું છે. જ્યારે પરીક્ષા પૂર્ણ થયા બાદ પરિણામલક્ષી ઉત્તેજના વચ્ચે વિદ્યાર્થીઓ વેકેશનની મજા માણી રહ્યા છે. ધો. ૧૦ના પરિણામની પણ કાગડોળે વાટ જોવાઈ રહી છે જ્યારે ધો. ૧૨ વિજ્ઞાનપ્રવાહના પરિણામની તારીખ આખરે નિયત કરી દેવાતા વિદ્યાર્થીઓની ઈન્તેજારીનો અંત આવ્યો છે. ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડના ચેમરેન શ્રી વરસાણીના જણાવ્યા મુજબ આગામી તા. ૨૩ મેના રોજ હાયર સેકન્ડરી સાયન્સ સ્ટ્રીમ અને ગુજકેટનુ પરિણામ જાહેર કરી દેવાશે. વેકેશનના સમયગાળામાં વિદ્યાર્થીઓ સહીત વાલીઓમાં પણ પરિણામને લઈ ઉત્તેજના પ્રવર્તી છે. જ્યારે ધો. ૧૦ના પરિણામ માટે પણ પરીક્ષાર્થીઓ ઉત્સુક બન્યા છે.

# સિગ્નેચર બ્રિજનું કામ જૂન-૧૫માં પૂર્ણ થશે

**ગિફ્ટસિટીને જોડતા સિગ્નેચર બ્રિજના પ્રોજેક્ટ પાછળ છેલ્લા ૮ મહીનામાં રૂ. ૩૯.૭૫ કરોડનો ખર્ચ થયો : સાત સ્ટ્રક્ચર સુધીનુ કામ પૂર્ણ કરી દેવાયું**

ગાંધીનગર, તા. ૧૨

રાંદેસણ પાસે ગીફ્ટસિટીને જોડતા સિગ્નેચર બ્રિજનું કામ હાલ પ્રગતિ હેઠળ છે. છેલ્લા ૮ મહીના દરમિયાન આ પ્રોજેક્ટ અન્વયે રૂ. ૩૯.૭૫ કરોડનો ખર્ચ થયો છે. સિગ્નેચર બ્રિજનું કામ જૂન-૨૦૧૫ સુધીમાં પૂર્ણ કરી દેવાશે.

ગીફ્ટસિટીના લીધે હાઈટેક બનતા આ વિસ્તારનો નઝારો બદલાઈ રહ્યો છે. નજીકના ભવિષ્યમાં બિઝનેસ હબ બનવા જઈ રહેલા શાહપુર વિસ્તારમાં અન્ય આનુસંગિક સુવિધાઓની ઉપલબ્ધિ માટે પણ આગોતરી કામગીરી હાથ ધરવામાં આવી છે. જેમાં રોડનેટવર્કને ચકાચક બનાવવાનું કામ પણ હાથ ધરાયું છે. ગીફટસિટીને અનુલક્ષી ગીફટસિટીથી પી.ડી.પી.યુ. તેમજ બીજી તરફ નેશનલ હાઈવેને જોડતા સિગ્નેચર વિજન કામ હાલ પ્રગતિ હેઠળ છે. સૂત્રોમાંથી પ્રાપ્ત થતી માહિતી અનુસાર ગત તા. ૧૦ સપ્ટેમ્બરના રોજ આ પ્રોજેક્ટની કામગીરી સંદર્ભે વર્કઓર્ડર આપવામાં આવ્યો હતો. જ્યારે આઠ મહીનાના અંતે અત્યાર સુધી આ કામગીરી પાછળ રૂ. ૩૯.૭૫ કરોડનો ખર્ચ કરી દેવાયો છે. બ્રિજને અનુલક્ષી સબસ્ટ્રક્ચર સુધીનું કામ પૂર્ણ કરી દેવાયું છે. જ્યારે સુપર સ્ટ્રક્ચરના સ્લેબની કામગીરી હવે શરૂ કરવામાં આવશે. નમુનારૂપ સિગ્નેચર બ્રિજના નિર્માણ માટે રૂ. ૬૫.૭૫ કરોડનો ખર્ચ કરવામાં આવનાર છે. જ્યારે આગામી વર્ષ ૨૦૧૫ જૂન સુધીમાં સિગ્નેચર બ્રિજ બાંધવાનું કામ પૂર્ણ કરી દેવાશે. નમુનારૂપ સિગ્નેચર બ્રિજના નિર્માણ બાદ આ વિસ્તારને નવી રોનક મળવાની સાથે બિઝનેશ હબ બનતા ગીફ્ટ સિટીને જોડતા બ્રિજની ટ્રાફિકની અવર-જવરમાં પણ સાનુકળતા રહેશે.



મુસાફરો છલકાયા - વેકેશન અને લગ્નસરાના પગલે બસ સ્ટેન્ડ પર કિડિયારું ઉભરાય છે... એસ.ટી.ના બધા જ રૂટ છલોછલ દોડે છે... ધોમધખતા તાપમાં પણ મુસાફરો પરસેવે રેબઝેબ થઈને એક સ્થળેથી બીજા સ્થળે જઈ રહ્યા છે... લગ્નની મોસમ પૂરબહાર ખીલી છે એટલે મધ્યમવર્ગીય સમાજ માટે પરિવહનનો એકમાત્ર વિકલ્પ એસ.ટી. બસ છે.... ગાંધીનગરની ગ્રામ્ય વિસ્તારોને જોડતી બસોમાં ભારે ભીડ વર્તાય છે. જ્યારે દક્ષિણ ગુજરાત અને આબુ તરફ જતી બસોમાં વેકેશન માણવા જતા નાગરિકોની ભીડ જોવા મળે છે... (તસવીર : કશ્યપ નિમાવત)



(તસવીર : કશ્યપ નિમાવત)

આવરે કાગડા પાણી પીવા - કાળઝાળ ગરમીમાં અબોલ પંખીઓ માટે ગાંધીનગરમાં ઠેરઠેર પક્ષી પરબ મુકાઈ છે... નગરની સેવાભાવી સંસ્થાઓ અને નાગરિકો દ્વારા અબોલ પક્ષીઓ માટે ઉનાળામાં ઘનિષ્ઠ ઝુંબેશ કરાય છે... પ્રોત્સાહક પ્રતિસાદ મળતા ગાંધીનગરમાં પુણ્યનું વધુ એક સત્કાર્ય સુપેરે પાર પડે છે...

# આર.ટી.ઓ. કચેરીમાં સર્વર ડાઉન થતા કામગીરી ઠપ્પ

**ડ્રાઈવીંગ ટેસ્ટીંગ ટ્રેક પણ બંધ રહ્યો અરજદારોને ધક્કા ખાવાનો વારો આવ્યો**

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરની હાઈટેક આર.ટી.ઓ. કચેરીમાં આજે સર્વર ડાઉન થતા કામગીરી ઠપ્પ થઈ ગઈ હતી. ડ્રાઈવીંગ ટેસ્ટીંગ ટ્રેક પણ બંધ રહેતા વાહનચાલકો લાયસન્સ માટેની ટેસ્ટ આપી શક્યા ન હતા. ટેસ્ટીંગ ટ્રેકમાં વાહનચાલકોના ડ્રાઈવીંગ ટેસ્ટ માટે સમયમાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે. અકસ્માતની દષ્ટિએ પણ જોખમી બનેલા આ ટ્રેક પરની કસોટી વાહનચાલકો માટે દિનપ્રતિદિન વધુ આકરી બનતી જાય છે.

રાજ્યની પ્રથમ હાઈટેક અને પેપરલેસ આર.ટી.ઓ. કચેરીનો વહીવટ છેલ્લા કેટલાક સમયથી તદન કથળી ગયો છે. અરજદારોનો સમય ન બગડે તેમજ લાયસન્સ અને વાહન નોંધણી સહીતની કામગીરી આંગળીના ટેરવે અને ઝડપી થાય તે મુજબની વ્યવસ્થા ગોઠવવામાં આવી હોવાની બડાશોના અંતે પણ આમ નાગરિકોની સમસ્યાઓ હજુ યથાવત છે. પેપરલેસ કહેવાતી આર.ટી.ઓ. કચેરીમાં થોડા સમય અગાઉ શરૂ કરાયેલી સિંગલ વિન્ડો સિસ્ટમ પણ ફેઈલ હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. જ્યારે છાશવારે સર્વર ડાઉન થવા સહીતની ટેકનિકલ ક્ષતિઓના લીધે આર.ટી.ઓ. કચેરીનો વહીવટ છાશવારે ખોરવાઈ જાય છે. આવા સંજોગોમાં અરજદારોને પણ પારાવાર હાલાકી વેઠવી પડે છે.

● અનુસંધાન પાન-૭ પર

## નોટીસ

સાંચા કામ સબબે તારીખ ૧૫-૫-૧૪, ગુરૂવારના રોજ નીચે જણાવેલ વિસ્તારનો વીજ પુરવઠો સવારના ૧૧-૦૦ કલાકથી સાંજના ૬-૦૦ કલાક સુધી બંધ રહેશે જેની માનવંતા ગ્રાહકોએ નોંધ લેવા વિનંતી તકલીફ બદલ ક્ષમા કરશો.

૧. સેક્ટર-૧૨ સબ સ્ટેશન

૨. સેક્ટર-૧સી કોર્નર સબસ્ટેશન

સહી/-

ટોરેન્ટ પાવર લિમિટેડ



શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable! CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૯૯૦૪૦ ૦૦૬૮૯




SANGHI CEMENT
KisaN
ashirvad
C. PVC, UPVC
TATA
STEEL • PIPES • SHEETS
VINAYAK500
TMT BARS - ISI
BENELAVE
BATH FITTINGS
DR.FIXIT
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com